# ઈસુએ એક માણસને સાજો કર્યો અને તે પ્રગટ કરવા (કહેવા) તેને ઘેર મોકલ્યો.

**પ્રાર્થના** : ''વ્હાલા પ્રભુ ,બાળકો અને તેમના શિક્ષકો બીજા લોકોને તમારા વિષે સરળતા થી સમજાય એવી રીતે કહેવા માટે મહેરબાની કરી આ અભ્યાસ વાપરો''

બાળકોની શૈક્ષણિક પ્રવૃતિઓ,તેમની ઉમર અને જરૂરિયાતોમાં બંધ બેસે તેવી રીતે **પસંદ કરો.**

શિક્ષક અથવા મોટો બાળક **લુક ૮: ૨૬- ૩૯** માં આવેલી વાર્તા જેમાં એક માંણસને ભૂતો ઘણી પીડા આપતા હતા તે વાચે અથવાતો યાદ કરી કહે ઈસુએ કેવી રીતે તેને સાજો કર્યો અને દેવે તેને માટે કેવું અદભૂત કર્યુ છે તે મિત્રો અને કુટુબને કહેવા માટે ઘેર મોકલ્યો.



વાર્તા કહ્યા પછી **આ સવાલો પૂછો** (દકેર સવાલ પછી જવાબ આપ્યા છે).

- ભૂતોથી ત્રસ્ત વ્યકિતએ ઈસુને જોઈને શું કર્યુ ?(કલમ -૨૮ જુઓ)
- (કલમ -૩૦)
- તેનુ નામ સેના છે તેવું તેણે કેમ કહ્યુ ?(કલમ -૩૩)
- ભુંડોનુ શું થયું ?(ક.૩૩)
- ભૂતોથી મૂકત કર્યા પછી ઈસુએ તેને કયાં મોકલ્યો ?(ક.૩૯)
- ભૂતોથી મુકત થયેલા માણસને ઈસુએ શું કરવા કહ્યુ (ક.૩૯)



**અગત્યની નોંધ :** તમારા માટે ઈસુએ શું કર્યુ તે તમારી પોતાની રીતે કહી ને લોકો ને શીખવવાનો સરળ રસ્તો છે. કોઈ પણ સારા સમાચાર જેવા કે તમને અમુલ્ય મોતી મળ્યું હોય તે રીતે કહો.

ભૂતોથી છોડાવી (મુકત કરી )ઈસુ એ તેને ઘેર મોકલ્યો વાર્તાનુ **નાટ્ય રૂપાંતર કરો.**

- મંડળીના આગેવાન ભકિતસભામાં આ નાટક બાળકો ભજવી શકે તેવી વ્યવસ્થા ગોઠવો બધા ભાગો ઉપયોગી નથી. નાટક તૈયાર કરવામાં તમારો સંમય બાળકોને આપો મોટા બાળકો આ તૈયાર કરવામાં મદદ કરો.
- સાજા કરાયેલા માણસનુ પત્ની અને કથાકારનું પાત્ર મોટા ભજવે તેઓ વાર્તાની સમીક્ષા કરે અને નાના બાળકોને સહાય કરે.

**જો આ નાટક ભજવવા પૂરતા બાળકો ન મળે તો પાડાશી બાળકોને મદદમાં બોલાવો અથવા કથાકાર વાર્તાનો આ ભાગ વાંચે.**

- કુટુંબઓ મિત્રોનુ નાના બાળકો ચિત્ર દોરે

**કથાકાર** : લુક ૮: ૧૬-૩૧ માંની વાર્તા વાંચો અથવા યાદ કરી કહે પછી બોલે ''મુક્ત કરાયેલા માણસનું સાંભળો''

**સાજો થયેલો માણસ :** મારુ કુટુબ અને મિત્રો નાઝરેથના ઈસુએ મારે માટે કેવું મોટુ કૃત્ય કર્યુ છે તે કહેવા માટે હું ઘેર આવ્યો છુ.

**કુટુંબ અને મિત્રો :** (દોડીને તે માણસની આસપાસ ભેગા થાય છે) જુઓ તે ડાહ્યો થઈ ગયો છે તેણે કપડાં પણ પહેર્યાં છે તે સ્વભાવિક વાત કરે છે આ કોણે કર્યુ ? આવુ બધું બોલે છે.

**પત્ની** : "નાથ, તમે ગાંડા હતા તમે કચરામાં સૂઈ જતા તમે પોતાને ઈજા કરતા."

**કુટુંબ અને મિત્રો :** "આવું કંઈક કહે છે બાપુજી શું થયું હતું ?"

"તમે સેના કહેવાતા હતા કારણકે તમારામાં ઘણાં ભૂતો હતાં "

"તમે અમને ફરી કદી નહી મળી શકો તેમ અમે વિચાર્યુ અમે તમને ખોયા હતા."

**સાજો થયેલો માણસ :** " નાઝરેથના ઈસુ આવ્યા અને ભૂતોને હાંકી કાઢયા તેઓએ ભૂતના મોટા ટોળામાં પ્રવેશ કર્યો ભૂતો ટેકરી ઉપરથી દોડયા અને સમુદ્રમાં ડુબી મૂઆ

**પત્ની** : મારે ઈસુને જોવા છે.

**સાજો થયેલો માણસ :** તેમણે મારે માટે અદ્ભૂત કામો કર્યા છે. મારે તો તેમની સાથે જ જવું હતું પણ આ બધુ કહેવા મને ઘેર મોકલ્યો તે તમને પણ ચાહે છે.

**કથાકાર** : મદદ માટે દરેકનો આભાર

સભ્યો સમક્ષ નાટક નાના બાળકો ભજવે, પછી સભ્યોને ઉપરોકત **સવાલો પૂછો.**

બાળકોને જે ઈસુએ આપણા માટે કર્યુ તે આપણે બીજાઓને કહીએ તેવા બીજા દાખલા **પૂછો.**

છાપુ વાંચતા માણસનુ **સામાન્ય ચિત્ર દોરો** બાળકો તેની નકલ કરે (બાળકો પણ તે ચિત્ર).



આગામી ભજનસેવા વખતે સભ્યોને આ ચિત્ર બતાવે.

તેઓ આ દાખલો આપી ખુલાસો દુર કે શુભ સંદેશ એ છે કે ઈસુ તથા ભૂતોની સેના પર વિજય થયા.

રૂમી ૫:૮ મુખપાઠ કરો.

**કાવ્ય :** ૨ ગીત શાસ્ત્ર ૮: ૧-૫ બે -એક કલમ યાદ કરી બોલે.

બીજા **મોટા બાળકો** ઈસુના તારણ વિષે કુટુંબ અને મિત્રોને કહેવા માટે ગીતો અને કાવ્યો લખે.

**પ્રાર્થના :** વહાલા પ્રભુ અમને પ્રેમ કરવા અને ભૂડાઈથી અને મૃત્યુ છોડાવવા બદલ અમે તમારી સ્તુતિ કરીએ છીએ તમારા વિષે બીજા બાળકોને તે ઓ સરળતાથી સમજી શકે તેવી રીતે કહેવા અમને મદદ કરો.

Copyright 2004© by Paul-Timothy. May be freely copied.
Download from www. Paul-Timothy.net.